ફોજદારી તપાસ કેસ નં. ૪૬/૨૦૨૨

**આંક–૧ લગત હુકમ.**

(૧) સાંભળ્યા, ફરીયાદીની ફરીયાદ વંચાણે લીધી, ફરીયાદ સાથે રજુ કરેલ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લીધાં, પોલીસ અભિપ્રાય ધ્યાને લીધો.

(૨) ફરીયાદી તરફે હાલની આરોપીઓ વિરૂધ્ધ ફરીયાદ આપી એવી રજુઆત કરેલ છે કે, આ કામનાં આરોપી નં.૧ હસન જમાલભાઈ મેળપરાએ ફરીયાદી સાથે નિકાહ કરવા માટે દબાણ કરી, ફરીયાદીને ઘરેથી ભગાડી જઈને ફરીયાદીને અંધારામાં રાખીને રાજુલા મુકામે વકીલની ઓફીસમાં લગ્ન નોંધણી અંગેનાં કાગળોમાં સહીઓ કરાવીને, બનાવટી કાગળો તથા બનાવટી નિકાહનામુ તૈયાર કરીને તેનાં આધારે ખોટુ બનાવટી લગ્નનું પ્રમાણપત્ર બનાવીને અને તેમાં ફરીયાદમાં જણાવેલ અન્ય સામાવાળઓની મદદગારી મેળવીને ઈ.પી.કો.કલમ– ૪૦૬,૪૨૦, ૪૬૪,૪૬૭, ૪૬૮,૪૭૧ મુજબનો ગુન્હો કરેલ. ફરીયાદી તરફે આંક–૯ થી લેખિત દલીલો રજુ કરવામાં આવેલ છે, જે વંચાણે લેવામાં આવેલ છે.

(૩) ફરીયાદીની ફરીયાદ ધ્યાને લેતાં, ફરીયાદીએ હાલની ફરીયાદ અત્રેની કોર્ટમાં કરતાં પહેલા પોલીસ અધિક્ષકશ્રી ભાવનગર, નાયબ પોલીસ મહાનિર્દેશકશ્રી ભાવનગર, પી.આઈ.શ્રી મહુવા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલ હોવાનું જણાતા ફરીયાદની ફરીયાદ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૧૦ અન્વયે સ્થગિત કરી ફરીયાદીએ પોલીસ વિભાગમાં આપેલ ફરીયાદની શું તપાસ કરવામાં આવેલ છે તેનો રીપોર્ટ મંગાવવામાં આવેલ છે.

(૪) પોલીસે અત્રેની કોર્ટને તપાસનો રીપોર્ટ મોકલી આપેલ છે. સદરહું પોલીસ રીપોર્ટ ધ્યાને લેતાં, કોઈ ગુન્હો બનતો ન હોવાનું જણાતાં ફરીયાદીની ફરીયાદ ફાઈલે કરવામાં આવેલ છે તેવું રીપોર્ટમાં જણાવેલ છે.

(૫) ફરીયાદીની ફરીયાદ ધ્યાને લેતાં, આ કામનાં સામાવાળા નં.૧ નાઓ ફરીયાદી સાથે નિકાહ કરવા માટે ફરીયાદીને દબાણ કરીને ફરીયાદીનાં ઘરેથી ભગાડી ગયાનો આક્ષેપ છે. ફરીયાદીની ફરીયાદ ધ્યાને લેતાં એક વર્ષ પહેલા ફરીયાદીનાં કુંટુંબમાં લગ્ન સમારંભમાં ફરીયાદી અને સામાવાળા નં.૧ વચ્ચે મુલાકાત થયેલ અને ત્યારબાદ તેઓ એકબીજાને અવાર–નવાર મળતા હતા અને બન્ને વચ્ચે મિત્રતા થયેલ અને બન્ને એકબીજાને ફોન કરતાં હતા અને મેસેજ પણ કરતાં હતા તેવું જણાય આવે છે. ફરીયાદીની ફરીયાદ તથા ફરીયાદ સાથે રજુ થયેલ અન્ય પેપર્સ ધ્યાને લતાં તા.૧૮/૦૫/૨૦૨૨ ના રોજ સામાવાળા નં.૧ નાએ ફરીયાદીને મેસેજ અને ફોન

કરીને જણાવેલ કે, આજે મોડી રાત્રે હુ તને લેવા આવુ છું, તુ તારા ઘરેથી જેટલા લેવાય તેટલા તારા કપડા–લતા તથા સોના–ચાંદીનાં ઘરેણા અને રોકડ રકમ લઈને ઘરની બહાર રહેજે, હું તને લઈ જઈશ આવી ફોન પર વાત કરેલ. ત્યારબાદ તા.૧૯/૦૫/૨૦૨૨ ના રોજ રાત્રીનાં આશરે ત્રણ કલાક (પરોઢીયે) નાં સુમારે સામાવાળા નં.૧ ફરીયાદીનાં ઘરની બહાર રોડ ઉપર સફેદ કલરની મોટર લઈને ફરીયાદીને લેવા આવેલ અને તે વખતે તેની સાથે ગાડીનો ડ્રાઈવર અને તેનો ભાઈ સમીર મેળપરા આવેલ અને ફરીયાદી તેનાં ઘરેથી બે સુટકેસમાં સામાન ભરી તેમજ દર–દાગીનાં તેમજ રોકડ રૂા.૩૫,૦૦૦/–લઈ મોટરમાં બેસી ગયેલ અને સામાવાળા નં.૧ નાઓ ફરીયાદીને રાજુલા ગામે ડુંગર રોડ, રેલ્વે ફાટક પાસે રહેતા તેનાં પિત્રાઈ ભાઈ અલ્લારખભાઈ મેળપરાના ઘરે લઈ ગયેલ. આમ, ફરીયાદીની ફરીયાદ મુજબ તા.૧૮/૦૫/૨૦૨૨ ના રોજ સામાવાળા નં.૧ નાએ ફોન કરીને જણાવેલ કે, હું રાત્રે તને લેવા આવવાનો છું, તુ કપડા, દર–દાગીના, રોકડા રૂપિયા લઈને તૈયાર રહેજે અને સામાવાળા નં.૧ ના રાત્રીનાં ત્રણ વાગ્યે ફરીયાદીનાં ઘર આગળ ગાડી લઈને જતાં ફરીયાદી તે ગાડીમાં બેસીને રાજુલા ગયેલ. ફરીયાદી પુખ્ત વયનાં ભણેલા વ્યકિત છે. ફરીયાદીએ તેમનાં ઘરમાંથી બે સુટકેસમાં સામાન ભરી તેમજ અન્ય ચીજ–વસ્તુ લઈને સામાવાળા નં.૧ ની મોટરમાં બેસેલ છે. ફરીયાદીએ સામાવાળા નં.૧ નાં ફોનની કે મેસેજની તેમનાં માતા–પિતાને કોઈ હકીકત જણાવેલ નથી. જો ફરીયાદીને સામાવાળા નં.૧ નાં ડરાવી, ધમકાવી, દબાણ કરીને ભગાડી ગયેલ હોત તો ફરીયાદીએ અવશ્ય તેનાં માતા–પિતા કે અન્ય ઘરનાં સભ્યોને આ બાબતની જાણ કરેલ હોત. પરંતુ ફરીયાદી પાસે સમય હોવા છતાં આવી કોઈને જાણ કરેલ નથી. આમ, ફરીયાદીને સામાવાળા નં.૧ સાથે પ્રેમ સંબંધ હોય સ્વેચ્છાએ પોતાની મરજીથી સામાવાળા નં.૧ ની ગાડીમાં બેસી સામાવાળા નં.૧ સાથે ગયેલાનું જણાય આવે છે. કોઈ પણ વ્યકિત રાત્રીનાં ત્રણ વાગ્યે પોતાનાં ઘરમાંથી જરૂરી સામાન લઈને પોતાની મરજી વિરૂધ્ધ કોઈની સાથે ના જાય તે માનવાને કારણ છે. જો સામાવાળા નં.૧ નાએ ફરીયાદીને દબાણ કરી, ભગાડી લઈ ગયા હોત અને ફરીયાદીની ઈચ્છા ન હોત તો અવશ્ય ફરીયાદીએ આ બાબતની તેનાં કુંટુંબનાં સભ્યોને જાણ કરી હોત, પરંતુ ફરીયાદીએ આવી કોઈ જાણ કરેલ નથી. આમ, સામાવાળા નં.૧ નાઓ ફરીયાદીને ડરાવી, ધમકાવી, દબાણ કરીને અપહરણ કરીને ભગાડી ગયા હોય તેવું કેસ પેપર્સ જોતાં જણાતું નથી. વધુમાં આ કામે રજુ થયેલ પેપર્સ ધ્યાને લેતાં, ફરીયાદીનાં આધારકાર્ડની નકલ, જન્મનાં પ્રમાણપત્રની નકલ, લગ્ન નોંધણી વખતે રજુ કરવામાં આવેલ છે. આમ,

ફરીયાદીનાઓ સામાવાળા નં.૧ સાથે લગ્ન કરવાનાં ઈરાદે પૂર્વ તૈયારી સાથે જરૂરી દસ્તાવેજો લઈને ગયેલ હોવાનું જણાય આવે છે. કોઈ વ્યકિતને જો કોઈ વ્યકિત ડરાવી, ધમકાવી, દબાણ કરીને ભગાડી જાય તો કોઈ વ્યકિત પોતાની સાથે આધારકાર્ડ, જન્મનું પ્રમાણપત્ર, બે સુટકેસ ભરી સામાન, બુરખા, મુસલ્લો વગેરે લઈને ન જાય. આમ, સામાવાળા નં.૧ નાઓ ફરીયાદીને દબાણ કરીને અપહરણ કરી, ભગાડી લઈ ગયેલ હોવાનું જણાતું નથી.

(૬) વધુમાં ફરીયાદીની ફરીયાદ ધ્યાને લેતાં, ફરીયાદપક્ષે સામાવાળા વિરૂધ્ધ એવો આક્ષેપ છે કે, સામાવાળા નં.૧ નાઓ નિકાહ પઢવા જવાનું છે તેમ કહીને ફરીચીદીને વકીલશ્રી પ્રદિપભાઈની ઓફીસે લઈ ગયેલ, ત્યાં વકીલ સાહેબે લગ્ન નોંધણીનાં કોરા ફોર્મમાં તથા વકીલાતનામામાં તથા અન્ય કાગળોમાં ફરીયાદીની સહીઓ લીધેલ, ત્યારબાદ ફરીયાદીએ તૈયાર કરેલ સોગંદનામામાં ફોટા તથા આધારકાર્ડ લગાવીને સહી તથા અંગુઠાનાં નિશાન કરાવેલ ત્યારે હાજર બીજા વકીલ સાહેબે આ સોગંદનામા ઉપર સહી સિકકા કરેલ, પરંતુ તેઓને સોગંદનામુ વાંચવા દીધેલ નહી. સદરહું કામે રજુ થયેલ સોગંદનામુ ધ્યાને લેતાં, તા.૧૯/૦૫/૨૦૨૨ ના રોજ નોટરી વકીલશ્રી કીર્તિભાઈ બી. પરમાર રૂબરૂ કરવામાં આવેલ છે. પોલીસે તેઓનાં રીપોર્ટ સાથે ડી.વી.ડી. કેસેટ રજુ કરવામાં આવેલ છે. આ ડી.વી.ડી. કેસેટ અત્રેની કોર્ટ ધ્વારા જોવામાં આવેલ છે. સદરહું ડી.વી.ડી. કેસેટ જોતાં ફરીયાદીએ સોગંદનામુ કરનાર નોટરી વકીલશ્રી રૂબરૂ પોતે સામાવાળા નં.૧ સાથે પોતાની રાજી–ખુશીથી નિકાહ કરેલાનું કબુલ રાખેલ છે અને ત્યારબાદ સોગંદનામામાં તેમજ નોટરીનાં રજીસ્ટરમાં સહીઓ કરેલ છે. આમ, નોટરી વકીલશ્રીએ આ સોગંદનામુ કરતા પહેલા બન્ને પક્ષકારોને સોગંદનામામાં લખેલ હકીકતો રાજી–ખુશીથી કોઈ દબાણ વગર લખેલ છે તેવું પુછેલ અને ત્યારબાદ સોગંદનામુ કરેલ છે. આમ, ફરીયાદીએ સમજી, વિચારી, કાગળો તેમજ સોગંદનામામાં સહી કરેલ હોવાનું જણાય આવે છે. આમ, સોગંદનામામાં કે અન્ય દસ્તાવેજોમાં ફરીયાદીની ખોટી રીતે સહીઓ કરાવેલ હોય તેમ જણાતું નથી.

(૭) વધુમાં ફરીયાદીની ફરીયાદ ધ્યાને લેતાં સામાવાળા વિરૂધ્ધ એવો આક્ષેપ છે કે વકીલની ઓફીસમાં સામાવાળાઓએ કાગળોમાં ફરીયાદીની સહી કરાવી તે વખતે કોઈ મૌલાના કે સાક્ષીઓ હાજર ન હતા. પરંતુ આ કામે રજુ થયેલ સોગંદનામુ ધ્યાને લેતાં, તેમાં બે સાક્ષીઓની સહી છે. આ કામે પોલીસે રજુ કરેલ ડી.વી.ડી.જોતાં બે સાક્ષીઓની હાજરીમાં નોટરી વકીલશ્રીએ ફરીયાદીને સોગંદનામાની હકીકત બાબતે પુછપરછ કરી,

રાજી–ખુશીથી સ્વૈચ્છાએ નિકાહ કરેલ હોવાનું ફરીયાદીએ જણાવ્યા બાદ સોગંદનામુ કરવામાં આવેલ છે. તેમજ સોગંદનામામાં ફરીયાદી તથા સામાવાળા નં.૧ નાએ સહી કર્યા બાદ સાક્ષીઓએ સહી કરેલાનું ડી.વી.ડી.જોતાં જણાઈ આવે છે. સોગંદનામુ કરતી વખતે તેમજ અન્ય દસ્તાવેજી કાગળોમાં સહી કરતી વખતે મૌલાનાની હાજરીની કોઈ જરૂર હોતી નથી. આમ, વકીલની ઓફીસમાં સહીઓ કરતા સમયે કોઈ સાક્ષી હાજર ન હોવાની ફરીયાદીની હકીકત ખરી હોવાનું જણાતું નથી.

(૮) વધુમાં ફરીયાદીની ફરીયાદ ધ્યાને લેતાં, સામાવાળાઓ વિરૂધ્ધ એવો આક્ષેપ છે કે, સામાવાળા હસન જમાલભાઈ ફરીયાદીને રાજુલામાં કે અન્ય કોઈ પણ જગ્યાએ મસ્જીદમાં નિકાહ પઢવા લઈ ગયેલ નથી કે નિકાહની નોંધણી માટે ફરીયાદીને કોઈ સરકારી કચેરીમાં લઈ ગયેલ નથી, માત્ર રાજુલાનાં વકીલ સાહેબની ઓફીસમાં કાગળોમાં સહીઓ કરાવેલી. આ કામે ફરીયાદી તરફે રજુ થયેલ નિ.૩/૧ વાળા કાગળો ધ્યાને લેતાં, તા.૧૯/૦૫/૨૦૨૨ ના રોજ નોટરી રૂબરૂ કરવામાં આવેલ સોગંદનામાની નકલ રજુ કરેલ છે, જે ધ્યાને લેતાં તેમાં ફરીયાદી તથા સામાવાળા નં.૧ ની સહીઓ છે. સદરહું સોગંદનામામાં ફરીયાદીએ એવું સોગંદ ઉપર જાહેર કરેલ છે કે, '' અમો સોગંદ લેનારે તા.૧૯/૦૫/૨૦૨૨ ના રોજ પાણીયા મુકામે પાણીયા ગામની મસ્જીદમાં અમોએ સાક્ષીઓની હાજરીમાં અમારી રાજી–ખુશીથી કોઈ પણ જાતનાં દાબ દબાણ વગર મુસ્લીમ રીત–રીવાજ અને કાયદા મુજબ વિધિ કરનાર કાજીની હાજરીમાં નિકાહ પઢેલ છે તથા તેવા સમયે અમો સોગંદ લેનારાનાં વડીલોની હાજરીમાં પાણીયા મુકામે મુસ્લીમ ધર્મ અનુસાર નિકાહનામુ પઢીને લગ્ન કરેલા છે. '' આમ, ફરીયાદીએ જાતે નોટરી વકીલ રૂબરૂ સોગંદ પર એવું જાહેર કરેલ છે કે, તેઓનાં પાણીયા ગામની મસ્જીદમાં બે સાક્ષીઓની હાજરીમાં તેઓની રાજી–ખુશીથી કોઈ પણ જાતનાં દાબ–દબાણ વગર મુસ્લીમ રીત–રીવાજ અને કાયદા મુજબ વિધિ કરનાર કાજીની હાજરીમાં નિકાહ પઢવામાં આવેલ છે. વધુમાં આ કામે પોલીસ રીપોર્ટમાં રજુ થયેલ નિકાહનાં સર્ટીફીકેટમાં ફરીયાદીની પણ સહી છે તેમજ કાજીની પણ સહી છે. ફરયાદીનાં કહેવા મુજબ કાજી તરીકે સહી કરનાર વ્યકિત કાજી કે મૌલાના નથી કે તેઓ નિકાહ પઢાવવાનું કામ કરતા નથી, તેમ છતાં નિકાહ સર્ટીફીકેટમાં ખોટી રીતે સહી કરેલ છે. પરંતુ નિકાહનામામાં કાજી તરીકે સહી કરનાર વ્યકિત કાજી કે મૌલાના તરીકેની કોઈ જવાબદારી ધરાવતા નથી તેટલા કારણ માત્રથી સામાવાળાઓએ ફરીયાદમાં જણાવ્યા મુજબનો ગુન્હો કરેલ છે તેવું માની શકાય નહી. વધુમાં આ કામે ફરયાદપક્ષે રજુ થયેલ લગ્ન નોંધણીનાં ફોર્મમાં, લગ્ન નોંધણીની યાદીમાં,

વકીલાતનામામાં, નિકાહનાં સર્ટીફીકટમાં, ફરીયાદીનાં આધારકાર્ડની નકલમાં, ફરીયાદીનાં જન્મનાં પ્રમાણપત્રની નકલમાં ફરીયાદીની સહીઓ છે. આમ, ફરીયાદીએ પોતાની રાજી–ખુશીથી સામાવાળા નં.૧ સાથે નિકાહ પઢી, લગ્નની નોંધણી કરાવેલ હોવાનું સ્પષ્ટપણે જણાય આવે છે.

(૯) વધુમાં ફરીયાદીની ફરીયાદ ધ્યાને લેતાં, ફરીયાદપક્ષે સામાવાળાઓ વિરૂધ્ધ એવો આક્ષેપ છે કે, સામાવાળાઓએ એકબીજાની મદદગારીમાં બનાવટી કાગળો તથા બનાવટી નિકાહનામુ તૈયાર કરીને તેનાં આધારે ખોટુ અને બનાવટી લગ્નનું પ્રમાણપત્ર બનાવીને ગુન્હો કરેલ છે. ફરીયાદપક્ષે રજુ થયેલ લગ્ન નોંધણી પ્રમાણપત્ર ધ્યાને લેતાં, જન્મ–મરણ–લગ્ન રજીસ્ટ્રાર, પાણીયા ગ્રામ પંચાયત, જીલ્લો અમરેલી, ધ્વારા તા.૧૯/૦૫/૨૦૨૨ ના રોજ આપવામાં આવેલ છે. પોલીસ રીપોર્ટ સાથે પાણીયા ગ્રામ પંચાયતનાં તલાટી–કમ–મંત્રીશ્રી અખીલકુમાર અરવિં દભાઈ ગોહિલનો જવાબ રજુ કરેલ છે, જે ધ્યાને લેતાં, તેઓએ એવું જણાવેલ છે કે, તા.૧૯/૦૫/૨૦૨૨ ના રોજ સાંજનાં સાડા પાંચ વાગ્યે લગ્ન કરનાર હસનભાઈ જમાલભાઈ મેળપરા તેમજ કાળવાતર કુલસુમ અયુબભાઈનાં પ્રતિનીધિ વકીલશ્રી પ્રદિપભાઈ રજોળીયા, રાજુલા કોર્ટનું વકીલાતનામુ તેમજ લગ્ન નોંધણી અરજી તેમજ લગ્ન નોંધણીની યાદી તેમજ લગ્ન નોંધણી અધિનિયમ–૨૦૦૬ માં લગ્ન નોંધણી માટેનાં પુરાવા જેવા કે, નિકાહ સર્ટીફીકેટ, બન્નેનાં જન્મનાં પુરાવાનાં જન્મનાં પ્રમાણપત્ર, બન્ને પક્ષોનાં આધારકાર્ડ, બન્ને સાક્ષીઓનાં આધાર કાર્ડ, કાજીનું આધાર કાર્ડ તથા અન્ય પુરાવા તરીકે પાણીયા ગામે મુસ્લીમ ધર્મ અનુસાર નિકાહ કર્યાનું સોગંદનામુ રજુ કરેલ. આ ઉપરોકત આધાર પુરાવાનાં અસલ કાગળો તેનાં વકીલશ્રી પ્રદિપભાઈએ રજુ કરેલ હતા. તેની સાથે મારી ઓફીસમાં લગ્ન કરનાર છોકરો કે છોકરી કે કોઈ સાક્ષી કે કોઈ મૌલાના આવેલ નહી. આ ઉપર જણાવેલ કાગળો વકીલાતનામા સાથે મળતા, મે લગ્ન નોંધણી અધિનિયમ–૨૦૦૬ અન્વયે વકીલ પાસેથી મેળવેલ આધાર–પુરાવા અધારે પાણીયા ગ્રામ પંચાયતનાં લગ્ન નોંધણી રજીસ્ટર નં.૩૫/૨૦૨૨ થી લગ્ન સર્ટીફીકેટ કાઢી આપેલ. વધુમાં તેઓએ તેમનાં નિવેદનમાં એવું જણાવેલ છે કે, આ ઉપર જણાવેલ દસ્તાવેજી પુરાવા કોઈ ટપાલ મારફતે અમોને મોકલે તો અમારે લગ્ન નોંધણી અધિનિયમ–૨૦૦૬ મુજબ નોંધ કરી, સર્ટી આપવાનું રહે છે. આમ, લગ્ન નોંધણીનું પ્રમાણપત્ર આપતી વખતે લગ્ન નોં ધણી રજીસ્ટ્રારશ્રીએ જરૂરી તમામ દસ્તાવેજી પુરાવા મેળવી લગ્ન નોંધણી કરી, પ્રમાણપત્ર કાઢી આપેલ હોવાનું જણાય આવે છે. વધુમાં ફરીયાદીની ફરીયાદ ધ્યાને લેતાં, કોઈ પણ ડોકયુમેન્ટમાં

ફરીયાદીએ સહી કરેલ નથી કે ફરીયાદી વતી અન્ય કોઈએ બોગસ સહી કરેલ છે તેવો કોઈ આક્ષેપ નથી. આમ, લગ્ન નોંધણી વખતે રજુ કરવામાં આવેલ તમામ દસ્તાવેજોની ખરાઈ કરી, લગ્ન નોંધણી રજીસ્ટ્રારશ્રીએ પ્રમાણપત્ર કાઢી આપેલ હોવાનું જણાય આવે છે. જેથી લગ્નનું પ્રમાણપત્ર, બનાવટી કાગળો તથા બનાવટી નિકાહનામા આધારે ખોટુ અને બનાવટી આપેલ હોય તેવું જણાય આવતું નથી. વધુમાં લગ્ન નોંધણી રજીસ્ટ્રારનો જવાબ ધ્યાને લેતાં, લગ્ન કરનાર પક્ષકારોને લગ્ન નોંધણી કરાવતી વખતે હાજર રહેવાની જરૂર જણાતી નથી, ટપાલ ધ્વારા પણ જરૂરી દસ્તાવેજી પુરાવા મોકલવામાં આવે તો પણ લગ્નની નોંધણી કરી આપવામાં આવે છે તેવું જણાય આવે છે.

(૧૦) વધુમાં ફરીયાદીની ફરીયાદ ધ્યાને લેતાં, ફરીયાદપક્ષે સામાવાળાઓ વિરૂધ્ધ એવો આક્ષેપ છે કે, ફરીયાદીને રાજુલામાં કોઈ પણ મસ્જીદમાં કે અન્ય કોઈ પણ જગ્યાએ આવેલ મસ્જીદમાં નિકાહ પઢવા લઈ ગયેલ નથી. પાણીયા ગામે કોઈ મસ્જીદ પણ આવેલ નથી, જેથી આરોપીઓએ ગુન્હો કરેલ છે તેમ જણાવેલ છે. પરંતુ ફરીયાદી અને સામાવાળા નં.૧ સાથે નિકાહ થયેલાનું રજુ થયેલ દસ્તાવેજી પુરાવા તથા પોલીસ રીપોર્ટ ધ્યાને લેતાં જણાય આવે છે. ફરીયાદીએ પોતાની રાજી–ખુશીથી સામાવાળા નં.૧ સાથે લગ્ન કરેલ છે અને તે મતલબનું સોગંદનામુ પણ કરેલ છે, તે સંજોગોમાં માત્ર મસ્જીદમાં લઈ નથી ગયેલ તેટલુ કારણ માની લેવામાં આવે તો પણ સામાવાળા ઓએ ફરીયાદમાં જણાવ્યા મુજબનો ગુન્હો કરેલ છે તેવું માની શકાય નહી.

(૧૧) વધુમાં પોલીસ રીપોર્ટ સાથે રજુ થયેલ જાણવા જોગ અરજી ધ્યાને લેતાં, સદરહું અરજી તા.૨૮/૦૫/૨૦૨૨ ના રોજ આ કામનાં ફરીયાદીએ પી.આઈ.શ્રી મહુવા પોલીસ સ્ટેશનને કરેલ છે અને તેમાં એવું જણાવેલ છે કે, સામાવાળા નં.૧ નાએ અમો અરજદારને એવું કહીને મારી સાથે નિકાહ કરેલા કે મારે ફલેટ છે, વિવિધ પ્રોપર્ટી છે, પરંતુ નિકાલ થઈ ગયા બાદ સામાવાળા નં.૧ નાએ મને કહેલ કે, મારા પાસે કોઈ ફલેટ કે પ્રોપર્ટી નથી ત્યારે ફરીયાદીને સામાવાળાથી છેતરાયેલ હોવાનું અનુભવ થયેલ. આમ, ફરીયાદીએ તા.૨૮/૦૫/૨૦૨૨ ના રોજ મહુવા પોલીસ સ્ટેશનમાં જે જાણવા જોગ અરજી આપેલી તેમાં સામાવાળા નં.૧ નાએ પોતાની પાસે ફલેટ અને વિવિધ પ્રોપર્ટી છે તેમ જણાવી નિકાહ કરેલ હોવાનું જણાવેલ છે, પરંતુ હાલની ફરીયાદમાં આવી કોઈ હકીકત ફરીયાદીએ જણાવેલ નથી.

(૧૨) આમ, આ કામે રજુ થયેલ તમામ દસ્તાવેજી પુરાવા તથા પોલીસ રીપોર્ટ ધ્યાને લેતાં, આ કામનાં ફરીયાદીને સામાવાળા નં.૧ સાથે પ્રેમ સંબંધ હોય તેની સાથે પોતાની સ્વૈચ્છાએ જઈ લગ્ન કરેલ હોય તેવું જણાય આવે છે. વધુમાં આ કામે રજુ થયેલ જન્મનાં પ્રમાણપત્ર, આધારકાર્ડ, લગ્ન

નોંધણીની અરજી, લગ્ન નોંધણીની યાદી, નિકાહનાં સર્ટીફીકેટ, વકીલાતનામુ, નોટરી સમક્ષ કરેલ સોગંદનામુ, નોટરીનાં રજીસ્ટરમાં વગેરેમાં ફરીયાદીએ સહી કરેલ છે. ફરીયાદી વતી કોઈ બીજી વ્યકિતએ સહી કરેલ નથી. તેમજ કોઈ બનાવટી દસ્તાવેજો રજુ કરી, લગ્નની નોંધણી કરાવેલ નથી. આ તમામ સંજોગો જોતાં, મારા મંતવ્ય મુજબ સામાવાળાઓ સામે ફરીયાદમાં જણાવેલ ગુન્હા સંબંધે ઈન્સાફી કાર્યવાહી શરૂ કરવા પુરતા કે વ્યાજબી તારણો જણાતા નથી. આથી ફરીયાદીની ફરીયાદ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૦૩ અન્વયે કાઢી નાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો

તા.૧૫/૦૬/૨૦૨૩
મહુવા.

(કીર્તિકુમાર જીવણલાલ રાઠોડ)
એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ, મહુવા.
કોડ નં.જીજે૦૦૮૭૫

એ.એમ.વાળા